# નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્‌ધતિ

આગળ જણાવ્યું તેમ આ કચેરીની કામગીરીની વિવિધતા જોતાં આ પ્રકરણની માહિતી શાખાવાર આપવામાં આવી છે જેથી સમજવામાં સરળતા રહે.

તપાસણી શાખાની કામગીરીમાં નિંણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

**જુદા-જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે કઇ કાર્યપદ્‌ધતિ અનુસરવામાં આવે છે?**

સરકારશ્રી દ્વારા નિયત કરાયેલ કામકાજના નિયમો અનુસારની કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે. આ કચેરી દ્વારા આગળ જણાવ્યું તેમ જુદા જુદા કાયદાઓનો અમલ કરવાનો થતો હોવાથી કાયદામાં અને તે હેઠળ ઘડાયેલ નિયમોમાં થયેલ જોગવાઈઓને અનુરૂપ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે. વીજ અધિનિયમ, ૨૦૦૩ અને ભારતીય વીજ નિયમો, ૧૯૫૬ની જોગવાઇઓ અનુસાર આ શાખા દ્વારા વીજસ્થાપનોના નકશાની મંજૂરી, વીજસ્થાપનોની પ્રારંભિક તપાસણી, સતત પ્રક્રિયાના એકમોની કામગીરી, લોડ કંટ્રોલની કામગીરી, વીન્ડ ફાર્મ પોલિસીને લગતી કામગીરી, સબસીડી, જાહેર જનતાની ફરિયાદોનો નિકાલ, રીકન્સીલેશન, તપાસણી ફીની વસુલાત વગેરે કામગીરી કરવામાં આવે છે. આ કામગીરીના માર્ગદર્શન માટે પરીપત્રોથી સંબંધિત અધિકારીઓ/કર્મચારીઓને સૂચનાઓ પણ આપવામાં આવેલ છે અને જરૂર જણાય ત્યારે માર્ગદર્શન આપવામાં આવે છે.

**અગત્યની બાબતો માટે કોઇ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્યપદ્‌ધતિઓ/ઠરાવેલી પદ્‌ધતિઓ/ નિયત માપદંડો/નિયમો કયા કયા છે? નિર્ણય લેવા માટે કયા કયા સ્તરે વિચાર કરવામાં આવે છે?**

મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરીની કામગીરી તાંત્રિક પ્રકારની હોઇ અને વીજળી વિષયક કાયદાઓ અનુસંધાને કામગીરી કરવાની થતી હોઇ તે પ્રમાણેની કાર્યપધ્ધતિ અને માપદંડો મુજબ નિંણય લેવાય છે. નિંણય લેવા માટે જુનીયર તાંત્રિક કર્મચારી જુનીયર સહાયક વિદ્યુત નિરીક્ષક/
પેટા નિરીક્ષક, સહાયક વિદ્યુત નિરીક્ષક, અને મુખ્ય વિદ્યુત નિરીક્ષક એમ ચેનલ ઓફ સબમીશન સામાન્ય રીતે રહેતું હોય છે.

**નિર્ણયને જનતા સુધી પહોંચાડવાની કઇ વ્યવસ્થા છે?**

- પત્ર વ્યવહાર દ્વારા.

**નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે?**

તાંત્રિક બાબતો માટે તાંત્રિક કર્મચારીઓ/અધિકારીઓ,

**નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી કોણ છે?**

આ શાખાની કામગીરીમાં નિંણય લેનાર અંતિમ સત્તાધિકારી મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી છે.

**જે અગત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચેના નમૂનામાં આપો.**

| **ક્રમ નંબર** | **૯.૧** |
|---|---|
| જેના પર નિંણય લેવાનાર છે તે વિષય | વીજસ્થાપનોના નકશાની મંજૂરી, વીજસ્થાપનોની પ્રારંભિક તપાસણી, સતત પ્રક્રિયાના એકમોની કામગીરી, લોડ કંટ્રોલની કામગીરી, વીન્ડ ફાર્મ પોલિસીને લગતી કામગીરી, સબસીડી, વીજ અકસ્માતોના અહેવાલ આખરી કરવા, જાહેર જનતાની ફરિયાદોનો નિકાલ, રીકન્સીલેશન, તપાસણી ફીની વસુલાત |

| | |
|---|---|
| માર્ગદર્શક સૂચન/દિશા નિર્દેશ જો કોઇ હોય તો | વીજ અધિનિયમ, ૨૦૦૩, ભારતીય વીજ નિયમો, ૧૯૫૬ |
| અમલની પ્રક્રિયા | સામાન્ય રીતે સંબંધિત ગ્રાહક દ્વારા અમલ કરવાનો હોય છે. |
| નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલા અધિકારીઓનો હોદ્દો | જુનીયર સહાયક વિદ્યુત નિરીક્ષક, સહાયક વિદ્યુત નિરીક્ષક, મુખ્ય વિદ્યુત નિરીક્ષક(સતત પ્રક્રિયાવાળા કેસોમાં ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.) |
| ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી | મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી, બ્લોક નં. ૧૮, છઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર. |
| જો નિર્ણયથી સંતોષ ન હોય તો ક્યાં અને કેવી રીતે અપીલ કરવી? | મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી, બ્લોક નં. ૧૮, છઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરમાં એપેલેટ ઓથોરીટી મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીને અરજી કરવી. |

**ઉર્જા ઓડીટ**

૯.૧ રાજયમાં ઉર્જા બચત ફરજીયાત બને અને તે રીતે નાગરિકો રાજયના વિકાસમાં ભાગીદાર થાય તે હેતુથી મુંબઇ વીજળી (વિશેષાધિકાર) અધિનિયમ -૧૯૪૬ હેઠળ ગુજરાત વીજ શકિત વપરાશ (નિયંત્રણ) હુકમ -૧૯૯૯ અને ગુજરાત વીજશકિત વપરાશ (નિયંત્રણ) (ત્રીજો સુધારો) હુકમ ૨૦૦૩ ની જોગવાઇઓને અનુરૂપ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે. આ શાખા દ્વારા રાજયમાં ઉર્જા ઓડીટરોની નિયુકિત અને ઉર્જા ઓડીટરો દ્વારા રજૂ કરવામાં આવેલ ઓડીટ રીપોર્ટની ચકાસણી કરવામાં આવે છે.

૯.૨ ઉપર જણાવ્યા મુજબની કામગીરી કરવા માટે મુંબઇ વીજળી (વિશેષાધિકાર) અધિનિયમ -૧૯૪૬ હેઠળ ગુજરાત વીજ શકિત વપરાશ (નિયંત્રણ) હુકમ -૧૯૯૯ અને ગુજરાત વીજ શકિત વપરાશ (નિયંત્રણ) (ત્રીજો સુધારો) હુકમ ૨૦૦૩ ની જોગવાઇઓને ધ્યાને લઇ સહાયક વિદ્યુત નિરીક્ષક ધ્વારા નોંધ તૈયાર કરવામાં આવે છે. જેમાં સહાયક વિદ્યુત નિરીક્ષક, નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક તથા મુખ્ય વિદ્યુત નિરીક્ષક ધ્વારા ટીકા-ટીપ્પણી કરવામાં આવે છે. અને ત્યારબાદ આખરી નિર્ણય લેવામાં આવે છે.

૯.૩ પત્ર/નોટિસો ધ્વારા ઓડિટ કરાવવા માટે વીજ ગ્રાહકોને જાણ કરવામાં આવે છે.

૯.૪ નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ. સહાયક વિદ્યુત નિરીક્ષક, નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક , મુખ્ય વિદ્યુત નિરીક્ષક

૯.૫ નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી : મુખ્ય વિદ્યુત નિરીક્ષક.

| **ક્રમ નંબર** | **૯.૧** |
|---|---|
| જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય | ઉર્જા ઓડીટ રીપોર્ટ અને ઓડીટરોની નિયુકિતની અરજીઓ. |

| | |
|---|---|
| માર્ગદર્શક સુચન/દિશાનિર્દેશ જો કોઇ હોય તો | મુંબઇ વીજળી (વિશેષાધિકાર) અધિનિયમ -૧૯૪૬ હેઠળ ગુજરાત વીજ શકિત વપરાશ (નિયંત્રણ) હુકમ -૧૯૯૯ અને ગુજરાત વીજ શકિત વપરાશ (નિયંત્રણ) (ત્રીજો સુધારો) હુકમ ૨૦૦૩ ની જોગવાઇઓ |
| અમલની પ્રક્રિયા | ઉર્જા ઓડીટના રીપોર્ટની ચકાસણી |
| નિર્ણય લેવાની પ્રક્રિયામાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો | સહાયક વિદ્યુત નિરીક્ષક,નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક ,મુખ્ય વિદ્યુત નિરીક્ષક |
| ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી | મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી, બ્લોક નં.૧૮, છઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૫૬૬૫૩ |
| જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી ? | મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી, બ્લોક નં.૧૮, છઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરને લેખિત અરજી મારફત એપેલેટ ઓથોરીટી મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીનો સંપર્ક સાધવો. |

**સ્વવીજ વપરાશ**

૯.૫ સ્થળ પર સંબંધિત ગ્રાહકના વીજસ્થાપનની ચકાસણી દરમ્યાન વીજચોરી માલુમ પડે તો ચેકીંગ સમય ઉપસ્થિત તમામ અધિકારીઓના મંતવ્યો લેવામાં આવે છે -અંતિમ નિર્ણય પુરવઠેદારનો રહે છે.

૯.૬ સામાન્ય રીતે નિર્ણય સામુહિક રીતે સર્વાનુમતે લેવામાં આવે છે.

| ક્રમ નંબર | ૯.૧ |
|---|---|
| જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય | વીજચોરી |
| માર્ગદર્શક સુચન/દિશાનિર્દેશ જો કોઇ હોય તો | વીજ અધિનિયમ, ૨૦૦૩ |
| અમલની પ્રક્રિયા | અમલની કાર્યવાહી પુરવઠેદાર દ્વારા કરવાની રહે છે. |
| નિર્ણય લેવાની પ્રક્રિયામાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો | સહાયક વિદ્યુત નિરીક્ષક,નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને પુરવઠેદારના પ્રતિનિધિ |
| ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી | મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી, બ્લોક નં. ૧૮, છઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.ફોન નં. ૨૩૨૫૬૬૫૩ |
| જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી ? | આ કામગીરી પુરવઠેદારની સાથ રહી કરવામાં આવતી હોઇ સંબંધિત પુરવઠેદારને અપીલ કરવાની રહે છે. |